# રાજકોટની મરઘા ગેંગને આશરો -પેંડા ગેંગને હથિયાર આપનાર બે પરપ્રાંતીય શખ્સો પકડાયા

## પોલીસે હથિયારના સોદાગર ઉતરપ્રદેશના શખ્સને પકડવા ગુપ્ત ઓપરેશન પાર પાડ્યું

રાજકોટ,

રાજકોટ શહેરના મંગળા રોડ પર બે ગેંગ વચ્ચે થયેલા અંધાધૂંધ ફાયરિંગના મામલે જંગલેશ્વરની મરઘા ગેંગ અને પેંડા ગેગ સામે પોલીસ કડક કાયવાહી કરી તપાસ માટે સ્પેશીયલ ઈન્વેસ્ટીગેશન ટીમ બનાવી બન્ને ગેંગ સામે ગુજસીટોક હેઠળ ગુનો નોંધી આ બન્ને ગેંગના આરોપીઓને આશરો આપનાર અને મદદ કરનારની ધરપકડ કરી હતી. ફાયરીંગમાં જે હથિયારનો ઉપયોગ થયો તેમાં પેંડા ગેંગના સભ્યોને હથિયાર સપ્લાય કરનાર મધ્યપ્રદેશના ભીંડના મુખ્ય સપ્લાયર અને મુરગા ગેંગને મદદગારી કરનાર અને આશરો આપનાર મૂળ ઉત્તર પ્રદેશના શખ્સની ધરપકડ કરી છે. હથિયાર સપ્લાયરની પુછપરછમાં સુત્રધાર તરીકે ભીંડ અન્ય એક શખ્ નું નામ ખુલ્યું હોય એસઓજીની એક ટીમે તેની ધરપકડ કરવા ભીંડમાં ધામા નાખ્યા છે. મુખ્ય સપ્લાયરની ધરપકડ બાદ રાજકોટ અને સૌરાષ્ટ્ર તેમજ ગુજરાતમાં હથીયાર સપ્લાયનું મોટું નેટવર્કનો પર્દાફાશ થાય તેવી શક્યતા છે.

રાજકોટના મંગળા રોડ પર બે ગેંગ વચ્ચે થયેલા અંધાધૂંધ ફાયરિંગના બનાવમાં પોલીસે ગુજસીટોક હેઠળ કાયર્વાહી કરવામાં આવી હતી અને પેંડા ગેંગના સભ્યોની પુછપરછમાં હથિયાર સપ્લાયમાં મધ્યપ્રદેશના ભીંડના ઈસુરી ગામના સોદાગર રાજેશસિંગ ઉર્ફે રાજુ ગંગાસિંગ રાજાવતે કર્યા હોવાનું જાણવા મળ્યું હતું. પેંડા ગેંગના જયવીક ઉર્ફે મોન્ટુ દિલીપ રોજાસરા અને રાજુસિંગ રાજકોટ જેલમાં મળ્યા હતા.જેલમાં મુલાકાત બાદ મધ્યપ્રદેશના હથિયારના સપ્લાયર રાજેશ સિંઘ ઉર્ફે રાજુ ગંગાસિંગ રાજાવત જેલ માંથી છુટ્યા બાદ મોન્ટુ રોજાસરા અને હર્ષદીપસિંહ ઉર્ફે મેટીયો સાત્યકીસિંહ ઝાલા બન્ને મધ્યપ્રદેશ ગયા અને તેની પાસેથી તેને ગેરકાયદેસર હથિયાર મેળવ્યાનું ખુલ્યું હોય તેને પકડવા માટે રાજકોટ એસઓજીના પી.આઈ એસ.એમ.જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.કે.ઝાલાની ટીમ રાજકોટથી મધ્યપ્રદેશ પહોચી હતી અને હથિયારના સોદાગર ઉતરપ્રદેશના ભીંડના ઈસુરી ગામના સોદાગરને પકડવા ગુપ્ત ઓપરેશન પાર પાડ્યું હતું અને રાજેશસિંગ ઉર્ફે રાજુ ગંગાસિંગ રાજાવત(૩૨)ની ધરપકડ કરી હતી. રાજુ સામે રાજકોટ ગીર સોમનાથ અને જૂનાગઢ સહીત સૌરાષ્ટ્રમાં ૨૦૧૮ થી ૨૦૨૫ સુધીમાં હથીયારના ૧૨ ગુના તેમજ મારામારી સહિતના ત્રણ ગુના નોંધાયેલ છે.

રાજુની પુછપરછમાં આ મામલે મોન્ટુ સિહ અને સૌરભસિંહનું નામ ખુલ્યું હતું. જેને પકડવા રાજકોટ એસઓજીએ મધ્યપ્રદેશના ભીંડમાં ઓપરેશન પાર પાડી મોન્ટુસિંહની ધરપકડ કરી તેને રાજકોટ લાવવા તજવીજ શરુ કરી છે. મોન્ટુને સૌરભસિંહે હથિયાર સપ્લાય કર્યા હોય હથિયાર સપ્લાયનું મોટું નેટવર્ક ચલાવતો હોય તેની ધરપકડ બાદ

તેની પુછપરછમાં મોટા ખુલાસા થાય તેવી શક્યતા છે.જયારે મુરગા ગેંગને મદદગારી કરનાર અને આશરો આપનાર મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ આજી જીઆઈડીસીમાં આવેલા કારખાનામાં રહેતાં હમઝા રફિક સૈયદ (ઉ.વ.૧૯)ની ધરપકડ કરી હતી. આ સાથે જ આ કેસમાં બંને જુથના આરોપીઓની ધરપકડનો આંક ૩૬ પર પહોંચ્યો છે.

પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા,અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા,ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા,એસીપી ભરત બી. બસીયાની સુચનાથી એસઓજીના પી.આઈ એસ.એમ.જાડેજા સાથે પીએસઆઈ વી.કે.ઝાલા સાથે હરદેવસિંહ,અનોપસિંહ તેમજ યોગેન્દ્રસિંહે કામગીરી કરી હતી.

# રાજકોટમાં હૃદયરોગના હુમલાનો હાહાકાર : વધુ બેનાં મોત

## ભાઇને મળવા આવેલા યુપીના આધેડ સહિત બેના મોત

રાજકોટ,

રાજકોટમાં હૃદયરોગના હુમલાએ હાહાકાર મચાવ્યો હોય તેમ વધુ બે લોકોના શ્ર્વાસ થંભી ગયા હોવાની ઘટના સામે આવી છે.

જેમાં ગાંધીગ્રામ વિસ્તારમાં ચાર દિવસ પૂર્વ ભાઈને મળવા આવેલા યુપીના આધેડ અને જંગલેશ્વરમાં શ્રમિક આધેડનું હૃદયરોગના હુમલાથી મોત નીપજ્યુ છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટના ગાંધીગ્રામ વિસ્તારમાં બાંધકામ સાઈટ પર જીલમીલરાય ધરમરાય ચમાર નામના ૫૫ વર્ષના આધેડ રાત્રીના સાડા નવેક વાગ્યાના અરસામાં બેભાન હાલતમાં ઢળી પડતા તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

જયા ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક આધેડ મુળ ઉતરપ્રદેશના વતની હતા અને ચાર દિવસ પૂર્વે જ બાંધકામ સાઈટ પર કામ કરતા ભાઈને મળવા આવ્યા હતા. ત્યારે હૃદયરોગનો હુમલો ભરખી ગયો હોવાનુ જાણવા મળ્યુ છે.

આ ઉપરાંત બીજા બનાવમાં મુળ ઉતરપ્રદેશના વતની અને હાલ જંગલેશ્વરમાં રહેતા દેવીપ્રસાદ શંકારપ્રસાદ વિશ્વકર્મા નામના ૫૦ વર્ષના આધેડ વહેલી સવારે સાડા ચારેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા ત્યારે હૃદયરોગનો હુમલો આવ્યો હતો. આધેડને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયા તેમનું મોત નીપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઇ જવા પામી હતી.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક આધેડને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. ઉપરોકત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં કોઠારિયા સોલવન્ટમાં શ્વાન મામલે મુસ્લિમ પરિવાર પર હુમલો : દંપતિ સહિત પાંચ ઘવાયા

## પાલતુ શ્વાનને ઘર પાસે લઘુશંકા કરાવવા બાબતે ઠપકો આપતા ધોક-પાઇપ અને છરીથી હુમલો








રાજકોટ,

રાજકોટ શહેરના કોઠારિયા સોલવન્ટમાં આવેલા હુસીને ચોકમાં રાત્રીના સમયે શ્વાન ઘર પાસે લઘુશંકા કરી જતો રહેતો હોય જેથી પાડોશીને મુસ્લિમ મહિલાએ ટપારતા પાડોશી ઉશ્કેરાયા હતા અને મોડી રાત્રે જ ધોક-પાઈપ અને છરી લઈ મુસ્લિમ પરિવાર પર હુમલો કરી દીધો હતો. આ ઘટનામાં મારા મારી દરમિયાન દંપતિ સહિત પાંચ લોકો ઘવાયા હતા અને તેઓને સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ થતા આજીડેમ પોલીસના સ્ટાફે બનાવ સ્થળે બંદોબસ્ત ગોઠવી દીધો હતો. આ મામલે આજીડેમ પોલીસે ૧૦ જેટલા શખ્સો સામે રાયોટીંગ, ધમકી, મારામારી અને હત્યાના પ્રયાસી કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. તેમજ આરોપીઓને પકડવા પોલીસની ટીમો કામે લાગી ગઇ હતી.

વધુ વિગતો મુજબ રાજકોટના કોઠારિયા સોલવન્ટમાં આવેલા હુસેની ચોકમાં રહેતા મુસ્કાનબેન ઈબનેમભાઈ ફારુકી (ઉ.વ.૨૩)એ પોતાની ફરિયાદમાં તેના પાડોશમાં રહેતા વીકી, સંજય પાડલીયા, ગોગો, વીકીનો ભાઇ રોકી, મનીષ ઉર્ફે કકૂ, રવિરાજ કાઠી, જનકો કબુતરવાળો, વીકીની પત્ની, મનીષ ઉર્ફે કકૂની બે બહેન મનીષ ઉર્ફે કકૂની માતા જશુબેનનંવ નામ આપતા તેમાની સામે રાયોટીંગ, ધમકી, મારામારી અને હત્યાના પ્રયાસી કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. આ ઘટનામાં મુસ્કાનબેને ફરિયાદમાં જણાવ્યુ હતું કે, તેઓ મજૂરી કામ કરે છે અને તેઓ સંયુકત કુટબમા રહે છે. પાડોશમાં રહેતા વીકીનો પાળીતો કુતરો અવાર-નવાર તેઓના ઘર પાસે લઘુશંકા કરી જતો હોય જેથી આ વીકીને અને તેમના પરિવારને આ બાબતે સમજાવવા જતા તેઓએ તેનો ખાર રાખી ગઇકાલે રાત્રીના સમયે એક સંપ થઇ ગેરકાયદેસર મંડળી રચી મુસ્કાનબેનના ઘરમાં ધુસી મુસ્કાનબેન, તેમના પતિ ઇબનેમભાઇ ફારુકી (ઉ.વ.૨૭), તેમના સાસુ નસીમબેન મહેબ્બુભાઇ (ઉ.વ.૪૫) અને ઈરજાબેન દિનેશભાઈ ફુલાણી (ઉ.વ.૨૨)અને હનીફાબેન દિનેશભાઇ (ઉ.વ.૪૭)પર ધોકા-પાઈપ અને છરી વડે હુમલો કર્યો હતો. આ ઘટનામાં તમામને શરીરે ઈજા ઓ પહોંચી હતી અને ઘવાયેલા તમામને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં ઈબનેમભાઇ ફારુકી (ઉ.વ.૨૭)ની હાલત ગંભીર હોવાથી તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઈબનેમભાઈના લગ્નને ૪ વર્ષ થયા છે અને તેઓ કારખાનામાં મજૂરી કામ કરે છે. આ ઘટનાની જાણ થતા આજીડેમ પોલીસ મથકના પીઆઇ એ.બી.જાડેજા, સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને બનાવ સ્થળે પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. તેમજ આરોપીઓને પકડવા પોલીસે તજવીજ શરૂ કરી છે.

# રાજકોટમાં ઉત્તરાયણ બાદ મનપા ફૂડ શાખાએ ઉંધિયા સહિતના નમૂના લીધા

## ખાણીપીણીના ૨૧ ધંધાર્થીઓને ત્યાં ચકાસણી: ૭ને લાઈસન્સ અંગે નોટિસ ફટકારી



રાજકોટ,

રાજકોટ મનપાના ફૂડ વિભાગ દ્વારા ઉતરાયણના દિવસે સૌથી વધુ વેચાતા ઉંધિયા સહિતના નમૂના લેવાયા હતા અને બીજા દિવસે પણ વાસી ઉંધિયા વેચતા ધંધાર્થીઓને ત્યા ચકાસણી કરી કોઠારીયા રોડ પર પટેલ ચાઈનીઝ અને સાઉથ ઈન્ડિયમાંથી ઉંધિયા તેમજ કાલાવડ રોડ મટુકી રેસ્ટોરન્ટમાંથી ઉંધિયા તથા બજરંગ ફરસાણ કોટેચાનગર મેઈન રોડ માંથી ફાફડા ગાઠીયા અને અમૃત સ્વીટ જંકશન પ્લોટમાંથી જલેબી સહિતના સેમ્પલ લઈ લેબમાં મોકલી આપ્યા હતા. તેમજ ખાણીપીણીના ૨૧ ધંધાર્થીઓને ત્યા ચકાસણી કરી ૯ વેપારીઓને ફૂડ લાયસન્સ અંગે નોટિસ ફટકારી હતી.રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગની ટીમ તથા ઋજઠ વાન સાથે શહેરના આનંદ બંગલા ચોક થી મવડી ચોકડી સુધીના વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૧ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૯ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાધ્ય ચીજોના કુલ ૦૯ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ હતી. આ મુદ્દે ફૂડ વિભાગે જણાવેલ કે, તહેવારો દરમિયાન ફરસાણ અને મીઠાઈના ધંધાર્થીઓ દ્વારા અંદાજ મુજબની મીઠાઈ અને અલગ અલગ વસ્તુઓ બનાવવામાં આવતી હોય છે. તહેવારોના દિવસે વેચાણ થયા બાદ બાકી વધેલ અમુક ખાદ્યપ્રદાથો પૈકી અમુક વાસી અને બિન આરોગ્ય પ્રદ થઈ જતા હોય તેના લીધે રોગચાળાના સંભાવના વધી જાય છે. આ થી ઉતરાયણના દિવસે અથવા આગલી રાત્રે બનાવવામાં આવેલ ઉંધિયુ બીજા દિવસે અખાદ્ય થઇ જતુ હોવાથી વેપારીઓ પાસેથી નમુના લઈ આ પ્રકારના વાસી ખાદ્યપ્રદાર્થનુ વેચાણ ન કરવા અંગેની સુચના આપવામાં આવી છે. ફૂડ વિભાગ દ્વારા (૦૧)ખોડિયાર કિરાણા ભંડાર- લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૨)જલારામ ચીકી- લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૩)શિવશક્તિ રેસ્ટોરેન્ટ- લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૪)તુલસી એન્ટરપ્રાઈઝ- લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૦૫)જય લાઈવ ચીકી- લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૦૬)સીતારામ છોલે ભટુરે- લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૦૭)મારુતિ ડેરી ફાર્મ - લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૦૮)ક્રિષ્ના પાણીપુરી- લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૦૯)ભેરુનાથ કોલ્ડ પાણીપુરી - લાઇસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવેલ હતી. તથા (૧૦) મધુભાઈ ગોરધનભાઈ ચેવડાવાળા (૧૧) રાજા ગૃહ ઉદ્યોગ (૧૨)સિલ્વર બેકરી (૧૩)ડાઈમંડ સીંગ (૧૪) શિવશક્તિ ડેરી (૧૫)ડિલિશ્યસ ફૂડ (૧૬) વેણુ ટ્રેડિંગ (૧૭) રાજુ ખમણ (૧૮) મિલન સ્વીટ માર્ટ (૧૯) બાલમુકુન્દ કિરાણા ભંડાર (૨૦) નંદકિશોર ડેરી ફાર્મ (૨૧) સહજાનંદ ફૂડ ઝોનની ચકાસણી કરવામાં આવેલ હતી.

# રાજકોટના નિર્મલા કોન્વેન્ટ રોડ પર જીમમાં ધમાલ મચાવનાર ચાર પકડાયા

## જીમમાં સોડા બોટલનાં છુટા ઘા કરી તોડફોડ કરી આતંક મચાવ્યો હતો



રાજકોટ,

રાજકોટ શહેરનાં નિર્મલા કોર્નવેન્ટ રોડ વિસ્તારમાં આવેલા જીમમાં સોડા બોટલનાં છુટા ઘા કરી તોડફોડ કરી આતંક મચાવવાના મામલે ગાંધીગ્રામ પોલીસે ચાર શખ્સોની અટકાયત કરી ઘટના સ્થળે લઈ જઈ રી-કસ્ટ્રકશન કરાવ્યું હતું. નિર્મલા કોર્નવેન્ટ રોડ ઉપર ત્રણેક દીવસ પહેલાં આર.ફીટનેસ નામના જીમ પાસે ઘસી જઈ સોડા બોટલનાં છુટા ઘા કરી જીમનો કાચ તોડી નાખી સરાજાહેર આતંક મચાવવાનાં મામલે ફરિયાદ નોંધાવાતા ગાંધીગ્રામ પોલીસે એન.સી.કેસ રજીસ્ટર કરી તપાસ હાથ ધરી હતી.આ કેસમાં પોલીસે મયુરસિંહ મહેન્દ્રસિંહ સોઢા (ઉ.વ.૩૩, રહે. પ્ર.નગર પોલીસ લાઈન પાસે), અક્રમ રફીકભાઈ દાવદાણી (રહે. નવી ઘાંચીવાડ), અમર ચંદુભાઈ થરેચા (ઉ.વ.૨૭, રહે. ગીરનારી શેરી,બેડીપરા) અને કાનજી લાભુભાઈ કુકાવા (ઉ.વ.૨૪, રહે. નીલકંઠ પાર્ક, પુષ્કરધામ મેઈન રોડ)ને ઝડપી લઈ ઘટના સ્થળે લઈ જઈ ઘટનાનું રીકસ્ટ્રકશન કરાવ્યું હતું.આ કામગીરી ગાંધીગ્રામ પોલીસના પીઆઈ એસ.આર. મેઘાણીની રાહબરીમાં ડી સ્ટાફના રવિભાઈ ગઢવી અને રઘુભા જાડેજા સહિતના સ્ટાફે કરી હતી.

# રાજકોટના આર્યનગરમાં સેન્ટ્રિંગ કામ વેળાએ વીજ તારને અડી જતાં આધેડ ત્રીજા માળેથી પટકાયા : ઇજા



રાજકોટ,

રાજકોટ શહેરના સામાકાંઠે પેડક રોડ પર આવેલા આર્યનગરમાં મકાનના સેન્ટ્રીંગ કામ વેળાએ વીજતારને અડી જતાં આધેડને વીજશોક લાગતા તેઓ ત્રીજા માળેથી નીચે પટકાયા હતાં. પેટના ભાગે તથા છાતીના ભાગે ગંભીર રીતે દાજી જતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

જાણવા મળતી વિગત મુજબ રાજકોટના પેડક રોડ પર આર્યનગર શેરી નં. ૧૨ માં રહેતા જગદીશભાઈ જીવણભાઈ ગોરવાડિયા (ઉ.વ.૫૨) નામના પ્રજાપતિ પ્રૌઢ આજે બપોરે પોતાના ઘરે ત્રીજા માળે છતનું સેન્ટ્રીંગ કામ ચાલુ હતુ ત્યારે ત્રીજા માળે હતા ત્યારે ત્યાંથી પસાર થતાં વીજતારને અકસ્માતે અડી જતાં વીજ શોક લાગતા તેઓ ત્રીજા માળેથી નીચે પટકાયા હતાં જેમાં તેઓને પેટના ભાગે તથા છાતીના ભાગે ગંભીર રીતે દાજી જતાં તેમને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. પ્રાથમિક તપાસમાં જગદીશભાઈ એક ભાઈ ત્રણ બહેનમાં વચેટ અને પાનની કેબીન ચલાવે છે. તેમને સંતાનમાં બે પુત્ર હોવાનું જાણવા મળેલ છે. બી ડીવીઝન પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી છે.

# રાજકોટ સિવિલમાં મૃતક આધેડના ખિસ્સામાંથી રૂા. ૨૦ હજાર ગાયબ!

## ગોંડલના માંડણકુંડલા પાસે ટ્રેકટરની ઠોકરે બાઈક ચાલકનું મોત નિપજ્યું' તું





રાજકોટ,

ગોંડલના માંડણકુંડલા ગામે ખેતમજુરી કરતાં આધેડ પોતાનું બાઈક લઈને હટાણુ કરવા જતાં હતાં ત્યારે ટ્રેકટરની ઠોકરે ચડી જતાં મોત નિપજ્યું હતું. મૃતક યુવક પાસેથી મળેલી રૂપિયા ૧૯,૯૨૦ની રોકડ સિવિલ હોસ્પિટલમાંથી ગાયબ થઈ જતાં દેકારો મચી ગયો હતો. રૂપિયા ગાયબ થઈ ગયા હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો છે.

આ બનાવ અગેં પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, ગોંડલના માંડણકુંડલા ગામે ખેત મજુરી અર્થે આવેલા સગાભાઈ ગોખરીયાભાઈ બારૈયા (ઉ.૫૫) પોતાનું બાઈક લઈ શ્રીનાથગઢ અને માંડણકુંડલા વચ્ચેથી પસાર થઈ રહ્યા હતાં ત્યારે અજાણ્યા ટ્રેકટર ચાલકે બાઈકને ઠોકરે ચડાવતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં ગંભીર રીતે ઘવાયેલા આધેડને તાત્કાલીક ૧૦૮ મારફતે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતાં. જયાં આધેડનું મોત નિપજતાં પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો.

પ્રાથમિક પુછપરછમાં સગાભાઈ બારૈયા મુળ મધ્યપ્રદેશના વતની હતી અને તેને સંતાનમાં એક પુત્ર અને ત્રણ પુત્રી છે. અકસ્માતમાં ઘવાયેલા આધેડ હટાણુ કરવા જતાં હતાં ત્યારે તેમને અકસ્માત નડયો હતો. ઈજાગ્રસ્ત આધેડના ખીસ્સામાં રૂપિયા ૧૯,૯૨૦ની રોકડ હતી જે રૂપિયા ૧૦૮ની ટીમ અને હેલ્પ ડેસ્કની ટીમે જોયા હતાં. પરંતુ આધેડને ઈમરજન્સીમાં દાખલ કરાયા બાદ મોત નિપજયું હતું. ઈમરજન્સીમાં દાખલ કરાયા બાદ આધેડના ખીસ્સામાંથી રૂપિયા ગાયબ થઈ ઘયા હોવાનો પરિવાર દ્વારા સનસનીખેજ આક્ષેપ કરવામાં આવ્યો છે.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં સર્વત્ર ટાઢોડુ: જન જીવન ગરમ વસ્ત્રોમાં ઢબૂરાયું

## ગિરનાર ૩, નલીયા ૯.૨, અમરેલી ૯.૪, જામનગર ૯.૫ ડીગ્રી

રાજકોટ,

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીનો માહોલ બરાબરનો જામ્યો છે ગિરનાર ઉપર ૩ ડિગ્રી, નલીયા ૯.૨, અમરેલી ૯.૪, જામનગર ૯.૫, રાજકોટમાં ૧૧.૩ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ છે.

જુનાગઢ: આજે સવારે બીજા દિવસે ૩ ડિગ્રી ઠંડીથી ગિરનાર પર હિમાલય જેવો માહોલ રહ્યો હતો. જ્યારે જુનાગઢમાં વાતાવરણમાં ૮૪% ભેજ વચ્ચે ૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. કાશ્મીર અને હિમાલયમાં થયેલી બરફ વર્ષા વચ્ચે છેલ્લા બે દિવસથી શરૂ થયેલું ઠંડીનું મોજુ આજે પણ યથાવત રહ્યું હતું. ગઈકાલે ઉતરાણ પછીના બીજા દિવસે ગિરનાર પર્વત ઉપર લઘુતમ તાપમાન ૨.૫ ડિગ્રી નોંધાયા બાદ આજે સવારે સામાન્યદ વધારા સાથે તાપમાનનો પારો ઉપર ચડીને ૩ ડીગ્રીએ સ્થિર થયો હતો તેના પરિણામે સતત બીજા દિવસે પણ ગિરનાર પર્વત ઉપર હિમાલય જેવી ઠંડીની અનુભૂતિ થઈ હતી.

ઠંડીની સાથે ગિરનાર પર્વત પર ઝાકળ વર્ષા પણ થતા સમગ્ર ગિરનાર અને તેના જંગલ વિસ્તારમાં કાતિલ ઠંડીનો પ્રવાસીઓ સહિતના લોકો અને અબોલ જીવોને સામનો કરવો પડ્યો હતો. જુનાગઢ શહેરમાં આજે સવારે સામાન્ય વધારા સાથે લઘુતમ તાપમાન આઠ ડિગ્રી રહ્યું હતું પરંતુ વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધીને ૮૪% થઈ જતા જોરદાર ઝાકળ વર્ષા થઈ હતી. જેના પરિણામે ઠંડીનું જોર ખૂબ જ વધી ગયું હતું. ગઈકાલની સરખામણીએ આજે સવારે પવનની ઝડપ ઘટીને પ્રતિ કલાકની ૨.૬ કિલોમીટરની થતા લોકોએ બરફીલા પવનથી એકંદરે રાહત અનુભવી હતી. જામનગરમાં લધુતમ તાપમાન ૯.૫ સે.ગ્રે. મહતમ તાપમાન ૨૬ સે.ગ્રે., ભેજનું પ્રમાણ ૭૦%, પવનની ગતિ ૨.૯ કિ.મી. રહી હતી.ભાવનગર ગોહિલવાડ પંથકમાં તાપમાન ચાર ડીગ્રી વધતા ઠંડીમાં ઘટાડો થયો છે. ભાવનગર શહેરનું લધુતમ તાપમાન ૪ ડીગ્રી વધીને ૧૪.૪ ડિગ્રી નોંધાયું હતું. સવારે વાતારવણમાં ભેજનું પ્રમાણ ૭૧ ટકા હતું જયારે પવનની ઝડપ ૮ કી.મી. પ્રતિ કલાકની રહેવા પામી હતી.